# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-03-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-સમીક્ષા બેઠક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે તેમના નિવાસસ્થાને ખાસ બેઠક યોજી. જેમાં રાજ્યમાં જીવન જરૂરી ચીજવસ્તુઓ અંગે સમીક્ષા કરવામાં આવી. બેઠક અંગે વધુ માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં ગેસ પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગેસ કનેક્શન આપવા 50થી વધુ ટીમો કાર્યરત છે. રાજ્યમાં એક કરોડ 28 લાખ LPG ગેસ ગ્રાહકો છે. આ પરિવારોને સંપૂર્ણ ગેસ આપવામાં આવશે.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ-ઘોરાડના બચ્ચાનો જન્મ:

કચ્છના આંગણે દાયકા બાદ ‘ઘોરાડ’નો કિલકિલાટ ગુંજતા કચ્છના વન્યજીવ સંરક્ષણ ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ લખાયું છે. અબડાસાના ઘાસિયા મેદાનોમાં લગભગ એક દાયકાના લાંબા અંતરાલ બાદ અત્યંત દુર્લભ એવા ‘ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ’ એટલે કે ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે.

કચ્છમાં નર ઘોરાડની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ ઈંડા તો મૂકતી હતી, પરંતુ તે અફલિત રહેતા હતા. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે રાજ્યના વન વિભાગ દ્વારા ‘ઓપરેશન એગ ટ્રાન્સફર’ અંતર્ગતરાજસ્થાનના બ્રીડિંગ સેન્ટર ખાતેથી એક ફલિત ઈંડું પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં મૂકી ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું. ગત ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના માળામાં રહેલા અફલિત

ઈંડાને બદલે આ ફલિત ઈંડું મૂકવામાં આવ્યું હતું. માદા ઘોરાડ દ્વારા આ ઈંડાનું કુદરતી રીતે સેવન કર્યા બાદ ૨૬ માર્ચે તેમાંથી તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો છે.

આનેગૌરવની ક્ષણ ગણાવતા રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ સફળતા આધુનિક સંરક્ષણ પદ્ધતિનું પરિણામ હોવાનું જણાવ્યું છે.

આ સફળતા બદલ કેન્દ્રીય વન- પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે ગુજરાત અને રાજસ્થાનના પર્યાવરણ વિભાગ તેમજ વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સંયુક્ત પ્રયાસોને બિરદાવીને સોશિયલ મીડીયા પર અભિનંદન પાઠવ્યા હતા.

------------------------------------------------------------------------------------------

## ઉધોગોને ડીઝની જાહેરાત:

પશ્ચિમી દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઈંધણના પુરવઠા પર અસર પડી છે. તે વચ્ચે તાજેતરમાં ખેડૂતોને 200 લિટર ડિઝલ આપવાની જોગવાઈ બાદ સરકારે હવે MSME અને ઉદ્યોગોને પણ ડીઝલ આપવાની જાહેરાત કરી છે.

ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને કરાયેલી રજૂઆતને પગલે રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા કચેરી ગાંધીનગર દ્વારા જારી કરાયેલા નવા પરિપત્ર મુજબ, રાજ્યમાં કાર્યરત ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને ઔદ્યોગિક એકમોને વિવિધ શરતો મુજબ ડિઝલનો જથ્થો ફાળવવામાં આવશે.

કચ્છમાં MSME, ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો મોટી સંખ્યામાં આવેલા હોવાથી હવે પ્રોજેક્ટ્સ પુરતું ઇંધણ આપવાના નિર્ણયથી કચ્છના ઉદ્યોગ જગતને રાહત મળી છે.

------------------------------------------------------------------------------------------

## જીલ્લા પંચાયત-રોટેશન:

સરકાર દ્વારા જીલ્લા પંચાયત પ્રમુખ પદ માટે રોટેશન બહાર પાડવામાં આવ્યુ છે. જે મુજબ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે અનુસુચિત આદિજાતી મહિલાનું રોટેશન જાહેર કરાયુ છે. કચ્છ જીલ્લાની 9 તાલુકા પંચાયત પૈકી અબડાસા અને અંજારના પ્રમુખ પદને

સામાન્ય જાહેર કરાયુ છે. જ્યારે બાકીની 7 પૈકી નખત્રાણા તથા રાપર બક્ષીપંચ, લખપત અનુસુચિત જાતિ જયારે ભુજ,ભચાઉ,માંડવી અને મુંદરા તાલુકા પંચાતનું પ્રમુખ પદ જનરલ મહિલા માટે અનામત રખાયુ છે.

-----------------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદની આગાહી:

બે અપર એર સર્કયુલેશનની સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા કચ્છ જીલ્લામાં આવતીકાલ રવિવાર તથા સોમવાર એમ બે દિવસ કમોસમી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

આ બે દિવસ દરમ્યાન પવનની ઝડપ 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની સંભાવના સાથે ગાજવીજ સહિત તોફાની વરસાદ થવાની શક્યતાને ધ્યાને લઈને હવામાન વિભાગે યલોએલર્ટ જારી કર્યું છે.

આવતીકાલે 29 માર્ચે કચ્છ ઉપરાંત, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગરમાં કમોસમી વરસાદની શક્યતા છે.

28 અને 29 માર્ચ એમ બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગે ચેતવણી આપી છે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છના પ્રભારી સચિવ:

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્યના વહીવટી માળખામાં કરાયેલા મહત્વના ફેરફાર અંતર્ગત કચ્છ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે વરિષ્ઠ IAS અધિકારી રાજકુમાર બેનીવાલની નિમણૂક કરવામાં આવી છે.

શ્રી બેનીવાલ હાલમાં ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર કંપની લિમિટેડ ભરૂચ ખાતે વહીવટી નિયામક તરીકે કાર્યરત છે. સરકારના આ નવા આદેશ બાદ હવે તેઓ પોતાની વર્તમાન જવાબદારીઓની સાથે કચ્છ જિલ્લાના વિકાસ કાર્યો, સરકારી યોજનાઓનું અમલીકરણ અને વહીવટી સંકલનની દેખરેખ રાખશે.

ઉલ્લખનીય છે કે, અગાઉ તેઓ 2010 થી 2012 દરમિયાન કચ્છ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમની 132મી કડીમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.

આ કાર્યક્રમ આકાશવાણી અનેદૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## DPA-કોમ્પ્યુટર લેબ:

દીનદયાળ પોર્ટ ઓથોરિટી DPA સંચાલિત ગોપાલપુરી ખાતેની કેન્દ્રીય વિદ્યાલયમાં વિદ્યાર્થીઓના ડિજિટલ ઉત્કર્ષ માટે નવી કમ્પ્યુટર લેબનું પોર્ટના ડેપ્યુટી ચેરમેન નિલાભ્ર દાસગુપ્તાના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણમાં સજ્જ કરવા અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશથી આ લેબ કાર્યરત કરાઇ છે.

---------------------------------------------------------------------------------------------------

IPL:

આજથી ઇન્ડિયન પ્રીમિયર લીગ આઈ.પી.એલની 19 મી સિઝનનો આરંભ થશે. આજ થી દેશના 12 શહેરમાં દસ ટીમ વચ્ચે કુલ 84 મેચો રમાશે.

આજે પ્રથમ મેચમા ગયા વખતની વિજેતા ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો સન રાઈઝર્સ હૈદરાબાદની ટીમ સામે બેંગલુરુના એમ.ચિન્ના સ્વામી સ્ટેડિયમ પર થશે.

---